

# ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 263
Dt.: 04-06-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


# દિલ્હીના માલવીય નગરમાં મોટી દુર્ઘટના: હોટલમાં ભીષણ આગથી ૨૧ લોકો જીવતા ભૂંજાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના માલવીય નગર વિસ્તારમાં બુધવારે સવારે થયેલા ભીષણ હોટલ-રેસ્ટોરન્ટ અગ્નિકાંડે રાજધાનીને હચમચાવી દીધી છે. હૌજ રાની વિસ્તારમાં આવેલી ઈમારતમાં લાગેલી આગ એટલી ઝડપથી ફેલાઈ કે જોતજોતામાં આખો પરિસર ધુમાડાની લપેટોથી ભરાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થઈ ચૂક્યા છે, જ્યારે ૩૭ લોકો ઘાયલ હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અગ્નિકાંડને લઈને હવે કેટલીય ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. પ્રાથમિક તપાસ અને સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર હોટલના સંચાલન, ભવન નિર્માણ અને ફાયર સુરક્ષા માપદંડોને લઈને ગંભીર સવાલો ઊઠી રહ્યા છે. જાણવા મળી રહ્યું છે કે, આ હોટલનો માલિક લોકેશ બજાજ છે અને આ બિઝનેસમાં તેની સાથે બીજા બે પાર્ટનર પણ જોડાયેલા છે. આ લોકોની દિલ્હીમાં બીજી કેટલીય હોટલો અને ગેસ્ટ હાઉસ પણ ચાલે છે. જે ઈમારતમાં આગ લાગી છે, તે ૬ માળની છે અને રહેણાંક વિસ્તારમાં આવેલી છે. રહેણાંક વિસ્તારમાં આટલી મોટી વ્યાવસાયિક ઈમારત ચલાવવાને લઈને પણ સવાલો ઊઠી રહ્યા છે. સૌથી ગંભીર તથ્ય ફાયર સેફ્ટીને લઈને સામે આવ્યું છે. દિલ્હી ફાયર વિભાગના જણાવ્યા મુજબ આ હોટલને ફાયર સેફ્ટી સર્ટિફિકેટ આપવામાં આવ્યું ન હતું. એવામાં એ સવાલ ઊભો થઈ ગયો છે કે માન્ય ફાયર સેફ્ટી મંજૂરી વગર હોટલનું સંચાલન કેવી રીતે ચાલુ રહ્યું હતું.દિલ્હી ફાયર સર્વિસને સવારે આશરે ૯:૪૫ વાગ્યે આગ લાગવાની સૂચના મળી હતી, જેના પછી ઘટનાસ્થળે ફાયર રેસ્ક્યુ ટીમો મોકલવામાં આવી હતી.





અધિકારીઓના જણાવ્યા મુજબ બચાવ અભિયાન દરમિયાન આશરે ૨૧ લોકોને ઈમારતમાંથી બહાર કાઢવામાં આવ્યા અને તેમને CATS એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. આ ઘટના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યું છે. અત્યાર સુધીમાં ૩૭ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે.

ઘટના સમયે હાજર લોકોના જણાવ્યા અનુસાર આગ લાગ્યા પછી હોટલમાં નાસભાગ મચી ગઈ હતી. કેટલાય લોકો ધુમાડામાં ફસાઈ ગયા હતા, જ્યારે કેટલાકે જીવ બચાવવા માટે બારીઓ અને ઉપરના માળથી છલાંગ લગાવી હતી. શરૂઆતી તપાસમાં આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે આગની શરૂઆત ગ્રાઉન્ડ ફ્લોર પરથી થઈ હતી. જો કે આગ લાગવાનું અસલી કારણ હજી સ્પષ્ટ થઈ શક્યું નથી. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તાધિકારી અને દિલ્હી પ્રશાસનની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને આખી બાબતની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

એસડીએમ અને DDMA અધિકારી જિતેન્દ્ર કુમારે જણાવ્યું કે, ઘટનાની સૂચના મળતા જ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરને એલર્ટ કરી દેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે તમામ રાહત એજન્સીઓને તરત જ ઘટનાસ્થળે પહોંચવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા. આગ એટલી ભયાનક હતી કે બચાવ અભિયાનમાં ફાયર બ્રિગેડના કર્મચારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. કેટલાય લોકોને બેઝમેન્ટ અને ઉપરના ભાગોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પ્રશાસન હવે એ તપાસ કરી રહ્યું છે કે ઈમારતમાં ફાયર સેફ્ટીના પૂરતા પ્રબંધ હતા કે નહીં. આ દર્દનાક દુર્ઘટના પછી એકવાર ફરી દિલ્હીની વ્યાવસાયિક ઈમારતોમાં ફાયર સેફ્ટીને લઈને ગંભીર સવાલો ઊભા થઈ ગયા છે.

સ્થાનિક લોકોનો આરોપ છે કે કેટલીય હોટલ અને રેસ્ટોરન્ટ સુરક્ષા નિયમોની અવગણના કરે છે. હાલમાં પોલીસે ગુનો નોંધી લીધો છે અને મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલુ છે. રાજધાનીમાં થયેલી આ મોટી દુર્ઘટનાએ આખા વિસ્તારમાં શોક અને દહેશતનો માહોલ પેદા કરી દીધો છે.

### ચીન-જાપાન સહીત ૬૦ દેશ પર પડશે અસર

## ભારત ઉપર અમેરિકા લાદશે વધુ ૧૨.૫ % ટેરિફ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર (BTA) અંગે વાટાઘાટો ચાલી રહી છે. દરમિયાન, યુએસએ એક એવુ પગલું ભર્યું છે, જે ભારતીય નિકાસકારો અને અનેક ઉદ્યોગોને અસર કરી શકે છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) એ તેનો તપાસ અહેવાલ બહાર પાડ્યો છે. જેમાં જણાવાયું છે કે, ભારત સહિત ૬૦ દેશોએ બળજબરીથી મજૂરીનો ઉપયોગ કરીને ઉત્પાદિત માલની આયાત પર અસરકારક રીતે પ્રતિબંધ મૂક્યો નથી. તેના આધારે, યુએસએ આ દેશોના ઉત્પાદનો પર વધારાના ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના રિપોર્ટ અનુસાર, જે દેશોનો અમેરિકા સાથે પારસ્પરિક વેપાર કરાર નથી, તેમના પર ૧૨.૫ % વધારાની ટેરિફ લાદવાનો પ્રસ્તાવ છે. ભારત પણ હાલમાં આ શ્રેણીમાં સામેલ છે. જોકે, જે દેશોએ અમેરિકા સાથે બળજબરીથી મજૂરી કરીને બનાવેલી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવા માટે કરાર કર્યા છે અથવા આવા નિયમો લાગુ કર્યા છે, તેમના માટે વધારાનો ટેરિફ દર ૧૦% રાખવાનો પ્રસ્તાવ છે.

આ પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે જ્યારે ભારતીય અને અમેરિકન અધિકારીઓ નવી દિલ્હીમાં ત્રણ દિવસની મહત્વપૂર્ણ વેપાર વાટાઘાટો કરી રહ્યા છે. બંને દેશો દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) ને અંતિમ સ્વરૂપ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભારત કલમ ૩૦૧ તપાસના મુદ્દાઓમાંથી રાહત અને સ્પર્ધાત્મક દેશોની તુલનામાં ભારતીય ઉત્પાદનો પર ઓછા ટેરિફ માંગી રહ્યું છે. જો વાટાઘાટો સકારાત્મક રહેશે અને બંને દેશોને “વાજબી, સંતુલિત અને સમાન” શરતો મળશે, તો કરાર તરફ પ્રગતિ થઈ શકે છે. આ પછી, યુએસ વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરની મુલાકાત પણ અપેક્ષિત છે.

કલમ ૩૦૧ એ યુએસ વેપાર કાયદાની મુખ્ય જોગવાઈ છે. આ અંતર્ગત, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) કોઈપણ દેશની વેપાર નીતિઓ, નિયમો અથવા પ્રથાઓની તપાસ કરી શકે છે.

જો તપાસમાં જાણવા મળે છે કે કોઈ દેશની નીતિઓ અન્યાયી, ભેદભાવપૂર્ણ અથવા યુએસ વેપાર માટે હાનિકારક છે, તો યુએસ તે દેશ સામે વધારાના ટેરિફ, વેપાર પ્રતિબંધો અથવા અન્ય પગલાં લાદી શકે છે. જો પ્રસ્તાવિત ટેરિફ લાગુ કરવામાં આવે છે, તો ભારતમાંથી યુએસમાં નિકાસ કરવામાં આવતા ઘણા ઉત્પાદનો વધુ મોંઘા થઈ શકે છે. આ ભારતીય નિકાસકારો, ખાસ કરીને કાપડ, એન્જિનિયરિંગ, રસાયણો અને અન્ય નિકાસ-લક્ષી ઉદ્યોગોની સ્પર્ધાત્મકતાને અસર કરી શકે છે. હાલમાં, આ ફક્ત સમયની વાત છે.

### પંજાબ-હરિયાણા હાઈકોર્ટે નાર્કોટિક્સના કેસમાં આપેલા જામીન સર્વોચ્ચ અદાલતે રદ કર્યા

## ડ્રગ્સ કેસમાં રાષ્ટ્રનું સર્વભૌમત્વ સર્વોપરી, વ્યક્તિગત સ્વતંત્રતા નહીં : સુપ્રીમ કોર્ટ

### બેન્ચે નોંધ્યું કે આરોપીએ અત્યાર સુધી માત્ર એક વર્ષ અને સાત મહિનાનો જેલવાસ ભોગવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના સર્વભૌમત્વ અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચે કોઈ સંઘર્ષ સર્જાય, તો દેશના સર્વભૌમત્વને પ્રાથમિકતા આપવામાં આવશે, તેવું ઠરાવતા સુપ્રીમ કોર્ટે મંગળવારે નોંધ્યું હતું કે, ખાસ કરીને નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થો સંબંધિત કેસોમાં આ બાબતે વિશેષ તકેદારી રાખવી જોઈએ. જેલની અંદરથી મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને ડ્રગ્સની હેરાફેરીનું નેટવર્ક ચલાવવાના કેસમાં એક આરોપીને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે જામીન આપ્યા હતા.



ઉક્ત આદેશને રદ કરતા સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન. કોટિસ્વર સિંહની બેન્ચે જણાવ્યું કે, “દેશની સર્વભૌમતા અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચે કોઈ ટકરાવ થાય તો નિઃસંદેહ દેશની સર્વભૌમતાને પ્રાધાન્ય મળશે, ખાસ કરીને ત્યારે જ્યારે દેશ સામે યુદ્ધ સમાન પરિસ્થિતિ ઊભી કરવામાં આવે. તે ડ્રગ્સના પુરવઠાના સ્વરૂપમાં હોય, જે દેશની અર્થવ્યવસ્થા અને લોકોના આરોગ્ય પર ગંભીર અસર કરે છે.”સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે આ કેસમાં આરોપી સામે એનડીપીએસ (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ) અધિનિયમ હેઠળ સમાન પ્રકારના ગુનાઓના અગાઉના રેકોર્ડ છે. તેથી એવું કહી શકાય નહીં કે જામીન પર મુક્ત થયા પછી તે ફરીથી આવો ગુનો નહીં કરે. બેન્ચે નોંધ્યું કે આરોપીએ અત્યાર સુધી માત્ર એક વર્ષ અને સાત મહિનાનો જેલવાસ ભોગવ્યો છે. જો તે દોષિત સાબિત થાય તો તેને મહત્તમ ૨૦ વર્ષની સજાનો સામનો કરવો પડી શકે છે.

કોર્ટે જણાવ્યું, “આ પરિસ્થિતિમાં એવું કહી શકાય નહીં કે આરોપીએ એટલો લાંબો સમય જેલમાં વિતાવ્યો છે કે જેના આધારે બંધારણની કલમ ૨૧ને ધ્યાનમાં રાખીને જામીન આપવા હસ્તક્ષેપ કરવો જરૂરી બને.”

અદાલતે વધુમાં કહ્યું કે અનેક પ્રસંગોએ તેણે સ્વીકાર્યું છે કે લાંબા સમય સુધી જેલમાં કેદ રહેવું જામીન આપવા માટેનું એક મહત્વનું કારણ બની શકે છે, કારણ કે તે બંધારણની કલમ ૨૧ હેઠળના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર સાથે સંકળાયેલું છે. જોકે, આ સિદ્ધાંત દરેક કેસમાં સમાન રીતે લાગુ પડતો નથી.

## ક્રૂડની કિંમતોમાં ભડકાના એંધાણ: ફરી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થઈ શકે છે વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયા સંકટ અને મોંઘા કાચા તેલની વચ્ચે પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. એકવાર ફરી બ્રેન્ટ ક્રૂડ ૧૦૦ ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી ગયું છે. તો ૧૫ મેથી અત્યાર સુધી તેલ કંપનીઓ ચાર વખત કિંમત વધારી ચુકી છે, જેનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૭.૫ રુપિયા જેટલો વધારો થઈ ગયો છે. એક બેરલ કાચા તેલમાં ૧૦ ડોલરના વધારાને કારણે કંપનીઓને આશરે ૬ રૂપિયા પ્રતિ લીટરનું નુકસાન થાય છે. સૌથી પહેલા ૧૫ મેએ પેટ્રોલ-ડીઝલની કિંમતોએ ૩ રૂપિયાની છલાંગ લગાવી હતી. ત્યારબાદ બીજીવાર પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૯ મેએ વધ્યા હતા. તેમાં આશરે ૯૦ પૈસાનો વધારો થયો હતો. ત્યારબાદ ત્રીજીવાર ૨૩ મેએ પેટ્રોલની કિંમતમાં ૮૭ પૈસા પ્રતિ લીટર અને ડીઝલની કિંમતમાં ૯૧ પૈસાનો વધારો થયો હતો. ચોથી વાર ૨૫ મેએ પેટ્રોલ ૨.૬૧ રૂપિયા અને ડીઝલ ૨.૭૧ રૂપિયા મોંઘુ થયું હતું. હવે રેટિંગ એજન્સી ક્રિસિલે ચેતવણી આપી છે કે તેલ કંપનીઓની ખોટને જોતા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આશરે ૨.૫ રૂપિયા પ્રતિ લીટરના વધારાની જરૂર પડી શકે છે. જો આવું થાય તો કુલ વધારો ૧૦ રૂપિયા પ્રતિ લીટરની નજીક પહોંચી જશે. આ પહેલા પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨૦-૨૦ રૂપિયાના વધારાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. ત્યારે સરકારે તત્કાલ પેટ્રોલ-ડીઝલ પર ૧૦-૧૦ રૂપિયા ટેક્સ ઘટાડી દીધો હતો. હવે સરકારની આ રાહતને સામેલ કરીએ તો માત્ર ૨.૫૦ રૂપિયાના વધારાની સંભાવના બાકી છે. ક્રિસિલ અનુસાર ફ્યૂલની કિંમતોમાં વધારાની અસર માત્ર પેટ્રોલ પંપ સુધી સીમિત રહેશે નહીં. ડીઝલ મોંઘુ થવાથી ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિક્સ અને માલની હેરફેરનો ખર્ચ વધશે, જેની અસર દૂધ, શાકભાજી, અનાજ, ફળ અને અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓ પર પડી શકે છે. એજન્સીનું અનુમાન છે કે પેટ્રોલ અને ડીઝલમાં અત્યાર સુધી ૭.૫ રૂપિયા પ્રતિ લીટરના વધારાથી CPI પર લગભગ ૦.૩૬ ટકાનો વધારાનો દબાવ આવી શકે છે. જો કુલ વધારો ૧૦ રૂપિયા સુધી પહોંચે છે તો મોંઘવારી પર અસર વધી આશરે ૦.૪૭ ટકા થઈ શકે છે. પરંતુ ઈંધણના ભાવ વધારવા છતાં સરકારી તેલ કંપનીઓ હજુ ખોટ સહન કરી રહી છે. ઉદ્યોગના અનુમાન અનુસાર પેટ્રોલ અને ડીઝલ પર અન્ડર-રિકવરી હજુ બનેલી છે અને કંપનીઓને દરરોજ કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.




### ન્યુયોર્કની સ્ટેટ સેનેટમાં પ્રસ્તાવ પાસ

## ૧૫ ઓગસ્ટે અમેરિકામાં ભારતને મળશે મોટું સન્માન!

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક

ભારતની આઝાદીને લઈને અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યમાંથી એક મોટા સન્માનની તક સામે આવી છે. ન્યૂયોર્ક સ્ટેટ સેનેટે એક પ્રસ્તાવ પાસ કરીને રાજ્યપાલ કેથી હોચુલને અપીલ કરી છે કે તેઓ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ને સત્તાવાર રીતે "ઈન્ડિયા ઈન્ડિપેન્ડન્સ ડે" જાહેર કરે. આ પહેલને ભારત અને અમેરિકાના મજબૂત થઈ રહેલા સંબંધોની સાથે-સાથે ભારતીય-અમેરિકન સમુદાયની વધી રહેલી ઓળખના પ્રતીક તરીકે જોવામાં આવી રહી છે. આ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન ન્યૂયોર્કના સાંસદોએ ભારતની લોકતાંત્રિક પરંપરાઓ, હજારો વર્ષ જૂની સભ્યતા અને વૈશ્વિક સ્તરે તેના યોગદાનની પ્રશંસા કરી. આ સાથે જ અમેરિકામાં ભારતીય મૂળના લોકોની સિદ્ધિઓ પર પણ વિશેષ રૂપે ચર્ચા કરવામાં આવી. આ પ્રસ્તાવ રજૂ કરનાર સિનેટર જેરેમી એ. કૂની (Jeremy A. Cooney)એ કહ્યું કે વિશ્વભરમાં ભારતીયો પોત-પોતાના સમુદાયો પર ઊંડો પ્રભાવ છોડી રહ્યા છે. તેમણે કહ્યું કે, આ તક ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ અને વિરાસતનું સન્માન કરવાની છે. બીજી તરફ જોસેફ પી. અડાબો જુનિયરે મહાત્મા ગાંધીના વિચારોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તેમનો સંદેશ આજે પણ ભારતીય-અમેરિકન સમુદાય અને આવનારી પેઢીઓને પ્રેરણા આપે છે. તેમણે ગાંધીજીના એ વિચારને પણ દોહરાવ્યો કે, ’ભવિષ્ય એ વાત પર નિર્ભર કરે છે કે આપણે વર્તમાનમાં શું કરીએ છીએ.’




## તંત્રી લેખ......

### અલ નીનોના ખતરનાક દોરથી ચોમાસા પર સંકટ

વૈશ્વિક ક્લાઈમેટ ચેન્જની ગંભીર અસરો વચ્ચે હવે ભારતીય ચોમાસા પર સંકટના વાદળો ઘેરાયા છે. સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠનએ ચેતવણી જાહેર કરી છે કે આગામી થોડા જ અઠવાડિયામાં 'અલ નીનો' નો એક અત્યંત ખતરનાક તબક્કો શરૂ થવા જઈ રહ્યો છે. હવામાન એજન્સીઓના મતે આ વખતે આવી રહેલો અલ નીનો અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી હોઈ શકે છે, જેને નિષ્ણાતો 'સુપર અલ નીનો' તરીકે ઓળખાવી રહ્યા છે. આ અસાધારણ ભૌગોલિક ઘટનાના કારણે વર્ષ ૨૦૨૬ ના બાકીના મહિનાઓમાં વિશ્વભરમાં ભારે ઉથલપાથલ જોવા મળશે અને ભારત સહિત અનેક દેશોમાં ભયંકર દુષ્કાળ અને અસહ્ય ગરમીનો ખતરો વધી ગયો છે.અલ નીનો એ સમુદ્રની સપાટી પર થતી એક કુદરતી હલચલ છે, જેમાં પ્રશાંત મહાસાગર નું પાણી અસાધારણ રીતે ગરમ થઈ જાય છે. તેના કારણે વૈશ્વિક પવનો નબળા પડે છે અને આખી દુનિયાની મોસમી સિસ્ટમ બગડી જાય છે. જો પ્રશાંત મહાસાગરના આ ચોક્કસ વિસ્તારનું તાપમાન લાંબા સમય સુધી સામાન્ય કરતાં ૨ ડિગ્રી સેલ્સિયસ કરતાં વધુ વધી જાય, તો તેને 'સુપર અલ નીનો' કહેવામાં આવે છે. સેટેલાઈટ અને દરિયાઈ ઉપકરણોના ડેટા દર્શાવે છે કે સમુદ્રની સપાટીથી સેંકડો મીટર નીચે ગરમ પાણીની એક વિશાળ લહેર પૂર્વ તરફ આગળ વધી રહી છે, જે આગામી સમયમાં વૈશ્વિક તાપમાનમાં આશરે ૦.૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો કરી શકે છે. વૈજ્ઞાનિકોના મતે આ સ્થિતિને કારણે વર્ષ ૨૦૨૭ ઈતિહાસનું સૌથી ગરમ વર્ષ સાબિત થઈ શકે છે.અલ નીનોના કારણે ભારતીય ચોમાસાની ગતિ ધીમી પડી શકે છે અથવા તે અવરોધાઈ શકે છે, જેનાથી કૃષિ ક્ષેત્રને મોટું નુકસાન થવાની ભીતિ છે.ભારત ઉપરાંત આફ્રિકાના કેટલાક ભાગો, દક્ષિણ-પૂર્વી એશિયા અને ઓસ્ટ્રેલિયામાં હવામાન ખૂબ જ ગરમ અને સૂકું થઈ જશે, જેથી જંગલોમાં આગ લાગવાની ઘટનાઓ વધી શકે છે.પૂરનું સંકટ: આનાથી તદ્દન વિપરીત, દક્ષિણ અમેરિકા જેવા દેશોમાં અતિભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ શકે છે.મોંઘવારીમાં વધારો: ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ મજબૂત અલ નીનો આવ્યો છે, ત્યારે મોટા પાયે પાક નિષ્ફળ જાય છે. અનાજ અને શાકભાજીના ઉત્પાદનમાં ઘટાડો થતાં વૈશ્વિક સ્તરે મોંઘવારી વધશે અને અર્થતંત્ર ખોરવાશે.વૈજ્ઞાનિકો માટે અલ નીનોના ચોક્કસ સમયનો અંદાજ લગાવવો હંમેશા પડકારજનક રહ્યો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં પ્રશાંત મહાસાગરનું પાણી સરેરાશ કરતાં ઠંડું હતું અને અલ નીનોના કોઈ સંકેત નહોતા. પરંતુ માર્ચ ૨૦૨૬ આવતા જ આખો પ્રવાહ બદલાઈ ગયો અને મધ્ય પ્રશાંત મહાસાગર સહિત દક્ષિણ અમેરિકાના દરિયાકાંઠાનું પાણી ઝડપથી ગરમ થવા લાગ્યું હતું. એપ્રિલ મહિના સુધીમાં આ ખતરો સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયો હતો. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે પણ આગાહ કર્યા છે કે, આ સ્થિતિ પહેલાથી જ ગરમ થઈ રહેલી પૃથ્વીની આગમાં ઘી હોમવાનું કામ કરશે અને તેના પરિણામો ખૂબ જ વિનાશક હોઈ શકે છે.

# ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કર્યો બમ્પર વધારો: એરીયર્સ પણ ચુકવાશે




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે રાજયના સરકારી કર્મચારીઓના હિતમાં વધુ એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નાણાં વિભાગ દ્વારા ૨ જુન ૨૦૨૬ ના રોજ જાહેર કરાયેલા સત્તાવાર ઠરાવ અનુસાર રાજયમાં હજુ પણ પાંચમા પગારપંચ (ગુજરાત રાજય સેવા નિયમો ૧૯૯૮ ) હેઠળ પગાર મેળવતા બાકી રહેલા તમામ કર્મચારીઓ અને અધિકારીઓ માટે મોંઘવારી ભથ્થા (ડીએ) માં માતબર વધારો મંજુર કરવામાં આવ્યો છે.

આ નિર્ણયથી લાંબા સમયથી બાકી રહેતા મોંઘવારી ભથ્થા અને એરીયર્સ (તફાવત) ની રકમ કર્મચારીઓને તબકકાવાર ચુકવવામાં આવશે. જેનાથી હજારો કર્મચારીઓમાં આનંદનો માહોલ છવાયો છે. કેન્દ્ર સરકારના ધોરણો અને નાણાં વિભાગની પુખ્ત વિચારણા બાદ, પાંચમાં પગારપંચના કર્મચારીઓ માટે અલગ અલગ સમયગાળાના આધારે મોંઘવારી ભથ્થાના દરો નકકી કરવામાં આવ્યા છે. જેમાં ૧ જુલાઈ ૨૦૨૨ થી મોંઘવારી ભથ્થાનો નવો દર ૩૬૯ ટકા, ૧ જાન્યુઆરી ૨૦૨૩ થી મોંઘવારી ભથ્થાનો નવો દર ૪૧૨ ટકા, ૧ જુલાઈ ૨૦૨૩ થી મોંઘવારી ભથ્થાનો નવો દર ૪૨૭ ટકા, ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી મોઘવારી ભથ્થાનો નવો દર ૪૪૩ ટકા નકકી કરાયો છે. અગાઉ ૧૬/૧૦/૨૦૨૪ ના ઠરાવ મુજબ કર્મચારીઓને ૩૮૧ ટકા લેખે ભથ્થુ ચુકવાતુ હતું. હવે કોરોના મહામારી દરમિયાન ફ્રીઝ થયેલા ભથ્થાને મુકત કરીને ૧ જુલાઈ ૨૦૨૧ થી ૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીનુ કુલ ૮૭ ટકા (૩૫૬ ટકા થી ૪૪૩ ટકા સુધીનુ ) મોઘવારી ભથ્થાનુ એરીયર્સ હપ્તાવાર ચુકવવાનુ નકકી કરાયુ છે.

મોઘવારી ભથ્થાનો આ વધારો જુન ૨૦૨૬ ના પગાર સાથે (જે જુલાઈ ૨૦૨૬ માં ચુકવવામાં આવશે) રોકડે થી અપાશે. મોઘવારી ભથ્થાની ગણતરી કર્મચારીના મુળ પગાર+ મોઘવારી પગાર પર કરવાની રહેશે. ગણતરીમાં ૫૦ પૈસા કે તેથી વધુ રકમને આખા રૂપીયામાં ગણવામાં આવશે. જયારે ૫૦ પૈસાથી ઓછી રકમને ધ્યાને લેવાશે નહી. આ મોઘવારી ભથ્થુ વળતરના અલગ ભાગ તરીકે જ રહેશે. તેને ગુજરાત મુલકી સેવા નિયમો ૨૦૦૨ હેઠળ પગાર તરીકે ગણવામાં આવશે નહી.

ગુજરાત સરકારના આ નિર્ણયનો વ્યાપ ગણો મોટો છે. આ હુકમો નીચે દર્શાવેલા તમામ પાત્ર કર્મચારીઓ / અધિકારીઓને લાગુ પડશે. રાજય સરકારના તમામ નિયમિત કર્મચારીઓ (જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજય સરકાર હસ્તક છે), પંચાયત કર્મચારીઓ, પ્રાથમિક શિક્ષકો, પંચાયતમાં પ્રતિ નિયુકિત કે બદલી પામેલા કર્મચારીઓ, સ્થાનિક સંસ્થાઓ, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાના કર્મચારીઓ, સરકારી, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી (ગ્રાન્ટેડ) અને બિન અનુદાનીત શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીઓ, કામ પુરતા મહેકમના કર્મચારીઓ તેમજ બોર્ડ નિગમનો પાત્ર સ્ટાફ નાણાં વિભાગના ઠરાવમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે પંચાયતો, નગરપાલિકાઓ, બોર્ડ નિગમો અને અનુદાનીત સંસ્થાઓએ આ મોઘવારી ભથ્થા અને તફાવતની રકમનો લાભ આપવા માટે પોતાની નાણાંકીય પરિસ્થિતિને ધ્યાને રાખીને સ્વેચ્છિક નિર્ણય લેવાનો રહેશે. આ વધારાના આર્થિક બોજ માટે રાજય સરકાર દ્વારા જે તે સંસ્થા કે નગરપાલિકાને કોઈપણ પ્રકારની વધારાની ગ્રાન્ટ આપવામાં આવશે નહી. તેમજ ચુકવવા પાત્ર તફાવતનો હિસ્સો રાજય સરકારના સમકક્ષ કર્મચારીઓ કરતા વધવો જોઈએ નહી.

### અમદાવાદ મંડળનો તબીબી વિભાગ આરોગ્ય અને જનકલ્યાણના ક્ષેત્રમાં અગ્રણી

## મે ૨૦૨૬ દરમિયાન વ્યાપક આરોગ્ય પહેલો, આપદા વ્યવસ્થાપન મોકડ્રિલ અને જનજાગૃતિ અભિયાનોનું સફળ આયોજન કરવામાં આવ્યું



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ના તબીબી વિભાગ દ્વારા મુખ્ય તબીબી અધિક્ષક (CMS) શ્રીમતી ભાનુમતિ શેખર ના માર્ગદર્શન હેઠળ મે ૨૦૨૬ દરમિયાન કર્મચારીઓ, તેમના આશ્રિતો તેમજ સામાન્ય નાગરિકોના આરોગ્ય અને કલ્યાણને ધ્યાનમાં રાખીને વિવિધ આરોગ્ય શિબિરો, આપદા વ્યવસ્થાપન અભ્યાસો અને જનજાગૃતિ કાર્યક્રમોનું વ્યાપક સ્તરે આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલો દ્વારા આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવા, આપદા વ્યવસ્થાપનની ક્ષમતા વધારવા તથા નિવારક આરોગ્ય સંભાળને પ્રોત્સાહન આપવા દિશામાં મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવ્યા હતા.

૧. સ્વૈચ્છિક રક્તદાન શિબિર અને આરોગ્ય જાગૃતિ દિવસો:

● આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ: આ અવસર પર મંડલીય રેલવે હોસ્પિટલ (DRH-SBI) ખાતે બિન-સરકારી સંસ્થાઓ (NGOs)ના સહયોગથી વિશાળ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ ભાગ લીધો હતો અને કુલ ૪૩ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

● વિશ્વ અસ્થમા દિવસ: સમગ્ર અમદાવાદ મંડળમાં જાગૃતિ પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. DRH-SBI ખાતે ડૉ. જૈમિન દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું તેમજ પલ્મોનરી ફંક્શન ટેસ્ટ (PFT) સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દ્વારા મંડળના ૨૦૦ લાભાર્થીઓને લાભ મળ્યો હતો.

● રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ અને વિશ્વ તમાકુ નિષેધ દિવસ: આ અવસરો નિમિત્તે તમામ રેલવે હોસ્પિટલો, હેલ્થ યુનિટ્સ (Health Units) અને રેલવે કોલોનીઓમાં આરોગ્ય શિક્ષણ કાર્યક્રમો, જાગૃતિ રેલીઓ અને પોસ્ટર પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨.મહિલા આરોગ્ય અને રસીકરણ પર વિશેષ ધ્યાન:

ઘાતક બીમારીઓથી બચાવ માટે મંડળીય રેલવે હોસ્પિટલ (DRH-SBI) ખાતે ૯ થી ૧૪ વર્ષની બાળાઓ માટે સમગ્ર મે ૨૦૨૬ દરમિયાન (૭, ૧૪, ૨૧ અને ૨૮ મેના રોજ) હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) ચેપ સામે રક્ષણ માટે HPV રસીકરણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરોમાં કુલ ૪૦ લાભાર્થીઓને રસી આપવામાં આવી હતી.

૩.માનસિક સ્વાસ્થ્ય અને તણાવ વ્યવસ્થાપન સત્રો

કર્મચારીઓની માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવા અને કાર્યસ્થળ પર તણાવના અસરકારક સંચાલન માટે, ડૉ. મનોજ કુમાર દેવ એસીએમએસ સાબરમતી દ્વારા ખાસ ઈન્ટરેક્ટિવ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રો માનસિક સ્વાસ્થ્ય જાળવવા, તણાવનું સંચાલન કરવા અને કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

● ૨૬ મેના રોજ વિશ્વ સ્કિઝોફ્રેનિયા દિવસ નિમિત્તે DRH-SBI ખાતે આરોગ્ય વાર્તાલાપ.

● ૨૮ મેના રોજ સાબરમતી ખાતે એન્જિનિયરિંગ વર્કશોપ ખાતે તણાવ વ્યવસ્થાપન કાર્યક્રમ.

● ૨૯ મેના રોજ વટવાના ડીઝલ શેડ ખાતે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ સત્ર. આ કાર્યક્રમોમાં રેલ્વે સ્ટાફ અને તેમના પરિવારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

૪. પ્રિવેન્ટિવ હેલ્થકેર અને સેનિટેશન ડ્રાઈવ:

● ચોમાસા પહેલાં મેલેરિયા અને મચ્છરોના પ્રજનનને રોકવા માટે સાબરમતી, અમદાવાદ, કાંકરિયા, ગાંધીધામ, વિરમગામ, મહેસાણા, વટવા અને પાલનપુર સહિતના તમામ મુખ્ય રેલવે સ્ટેશનો, કોલોનીઓ, બેરકો અને કચેરીઓમાં ફોગિંગ (Fogging) તથા લાર્વા-નાશક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

● ભારે ગરમીને ધ્યાનમાં રાખીને તમામ કાર્યસ્થળો અને સ્ટેશનો પર 'હીટ સ્ટ્રોક' (લૂ)થી બચાવ અંગે જાગૃતિ અભિયાનો ચલાવવામાં આવ્યા.

● ઉપરાંત, મંડળના વિવિધ આરોગ્ય કેન્દ્રો અને રનિંગ રૂમો (ગાંધીધામ, ભુજ, વિરમગામ, ડીસા) ખાતે આયોજિત વેલનેસ અને હેલ્થ ચેક-અપ કેમ્પો દ્વારા કુલ ૫૭૦ કર્મચારીઓ અને લાભાર્થીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી.

૫. આયુષ (AYUSH) ઓપીડી સેવાઓ:

અમદાવાદ મંડળમાં પરંપરાગત અને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓને પ્રોત્સાહન આપતાં મે ૨૦૨૬ દરમિયાન આયુષ ઓપીડી હેઠળ કુલ ૫૯૫ દર્દીઓની સારવાર કરવામાં આવી, જેમાં આયુર્વેદ વિભાગ (અમદાવાદ અને ગાંધીધામ)માં ૪૦૯ દર્દીઓ તથા હોમિયોપેથી વિભાગમાં ૧૮૬ દર્દીઓનો સમાવેશ થાય છે.

૬.આપદા વ્યવસ્થાપન માટે NDRF સાથે સંયુક્ત મોક ડ્રિલ:

અમદાવાદ મંડળની સુરક્ષા તૈયારીઓને વધુ મજબૂત બનાવવા માટે ૧૫ મે ૨૦૨૬ના રોજ વટવા સ્થિત ROH ડેપો ખાતે રાષ્ટ્રીય આપદા પ્રતિસાદ દળ (NDRF) ના સમન્વયથી સંપૂર્ણ સ્તરની 'મોક ડ્રિલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં મંડળ રેલ પ્રબંધક (DRM-ADI), મુખ્ય તબીબી અધિક્ષક (CMS-ADI), વરિષ્ઠ મંડળ સુરક્ષા અધિકારી (Sr.DSO-ADI), તબીબી ટીમ, NDRFના જવાનો, ARME-I, ART, ફાયર સર્વિસિસ તેમજ સિવિલ એમ્બ્યુલન્સ સેવાઓએ સક્રિય રીતે ભાગ લીધો હતો. ઉપરાંત, ૨૦ મેના રોજ એલસી-૫૧, તલોદ-હિંમતનગર સેક્શન પર પણ સફળતાપૂર્વક મોક ડ્રિલ યોજાઈ હતી.

પશ્ચિમ રેલવે તેના તમામ રેલકર્મીઓના આરોગ્ય, સુરક્ષા અને કાર્યક્ષમતાને જાળવી રાખવા માટે સતત આવા કલ્યાણકારી અને તબીબી પ્રયાસો પ્રત્યે પ્રતિબદ્ધ છે.

## ધર્મજ પાસે કાર પાછળ રીક્ષા અથડાતાં માતા અને પિતાને ઈજા: દોઢ વર્ષના પુત્રનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાના બોરસદ થી તારાપુર જતા હાઈવે ઉપર વડદલા ઓવરબ્રિજ પાસે આગળ જતી રીક્ષાની ઓવરટેક કરીને કાર ચાલકે અચાનક બ્રેક મારી દીધી હતી. જેથી કારની પાછળ રીક્ષા અથડાઈ જતાં દોઢ વર્ષના બાળકનું ગંભીર ઈજાથી મોત થયું હતું જ્યારે માતા-પિતાને ઈજાઓ પહોંચી હતી. આ અંગેની ફરિયાદ તારાપુર પોલીસમથકમાં નોંધાઈ છે.આણંદ જિલ્લાના તાલુકા મથક તારાપુર ખાતે ફાતિમ સોસાયટી પાસે સાહિદશા ઈનાયતશા દિવાન પોતાના પત્ની પરવીનબાનુ, બે પુત્ર મહંમદ અને અલીશા સહિતના પરિવાર સાથે રહે છે અને પોતાની સીએનજી રીક્ષા ફેરવીને જીવન ગુજરાન ચલાવે છે. સાહિદશા દિવાનના પત્ની પરવીનબાનુ ગત તારીખ ૩-૫-૨૦૨૬ના રોજ પોતાના બે બાળકો મહંમદ અને અલીશા(ઉ.વ-૦૧ વર્ષ ૮ માસ)ને લઈને પોતાના પિયર આંકલાવ ખાતે ગયા હતા. ગત તારીખ ૨૮મીના રોજ સાહિદશા દિવાન તારાપુર પોતાના ઘરે હતા અને બાળકો અને પત્ની સાસરી આંકલાવ ખાતે હોવાથી પોતાની રીક્ષા લઈને આંકલાવ ગયા હતા અને ઈદનો તહેવાર હોવાથી સાસરી આંકલાવ ખાતે રોકાયા હતા. ઈદનો તહેવાર પુરો કરીને તારીખ ૩૦ મીના રોજ સાંજના સાહિદશા દિવાન રીક્ષામાં પોતાના પત્ની અને બંને બાળકોને લઈને આંકલાવથી પોતાના ઘરે તારાપુર આવવા નીકળ્યા હતા અને બોચાસણ ટોલનાકુ પસાર કરીને ધર્મજ જલારામ મંદિરનો બ્રિજ ચઢીને આઠ વાગ્યાના અરસામાં ધર્મજ ચોકડી બ્રિજ ચઢતાં હતા.આ વખતે પાછળથી એક કારચાલકે સાહિદશા દિવાનની રીક્ષાની ઓવરટેક કરી એકદમ જ કોઈપણ જાતનું ઈન્ડીકેટર બતાવ્યા વગર કારને રીક્ષાની આગળ બ્રેક મારી ઉભી કરી દેતાં સાહિદશા દીવાનની રીક્ષા કારની પાછળ ધડાકાભેર અથડાઈ હતી. અને અકસ્માત સર્જાયો હતો. જેમાં કારનો ચાલક પોતાની કાર લઈ ભાગી છૂટ્યો હતો. અકસ્માતમાં રીક્ષા ચાલક સાહિદશા રીક્ષાની લોખંડની ફ્રેમ છાતીમાં દબાઈ જતા ફસાઈ ગયા હતા તેમજ રીક્ષામાં પાછળ બેઠેલા તેઓના પત્નીને જમણા પગે ગંભીર ઈજા ,બંને હાથે ઈજાઓ થઈ હતી જ્યારે શરીર પણ ઈજાઓ પહોંચી હતી. જ્યારે દોઢ વર્ષીય પુત્ર અલીશાને પણ માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી.

## અમદાવાદની હોટલમાંથી ૧ લાખના MD ડ્રગ્સ સાથે યુવક-યુવતીની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં નશાના કાળા કારોબારને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસે કડક ઝુંબેશ હાથ ધરી છે, જેના ભાગરૂપે કાલુપુર અને રામોલ વિસ્તારમાંથી પોલીસે લાખો રૂપિયાનું ડ્રગ્સ અને ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. અલગ-અલગ બે દરોડામાં પોલીસે બે યુવતીઓ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે નશીલા પદાર્થો સપ્લાય કરનારા ત્રણ સાગરીતો ફરાર થઈ જતાં પોલીસ તેમને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે. કાલુપુર પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કાલુપુર ઝકરીયા મસ્જિદ પાસે આવેલી સન્ની હોટલમાં દરોડો પાડવામાં આવ્યો હતો. હોટલના રૂમ નંબર ૧૦૯માંથી પોલીસે ૧ લાખ રૂપિયાની કિંમતનું ૧૦.૨૯ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કર્યું છે. પોલીસે ઘટનાસ્થળેથી ડ્રગ્સના જથ્થા સાથે સાદિક અરબ અને સીમા હરજાણી નામના યુવક-યુવતીની ધરપકડ કરી લીધી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ ડ્રગ્સ તેમને શાહિદ સૈયદ નામના પેડલરે આપ્યું હતું, જે હાલ ફરાર છે. કાલુપુર પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને પકડવા તપાસ તેજ કરી છે. બીજી તરફ, રામોલ પોલીસ સ્ટેશનની ટીમે રાજીવનગર ટેકરા પાસે દરોડો પાડીને નશાના અન્ય એક નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે અહીંથી ૩.૩૦ લાખ રૂપિયાની કિંમતનો ૬ કિલો ૬૦૦ ગ્રામ ગાંજો ઝડપી પાડ્યો છે. આ કેસમાં પોલીસે સિતારાબાનું મેમણ નામની ૩૪ વર્ષીય યુવતીની ધરપકડ કરી છે. પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો છે કે, આ ગાંજાનો જથ્થો તેને આશા ઉર્ફે આઈશા અન્સારી અને મરજીના ભુરજી નામની મહિલાઓએ સપ્લાય કર્યો હતો. આ બંને મુખ્ય સપ્લાયરો હાલ પોલીસ પકડથી દૂર હોવાથી રામોલ પોલીસે ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આજની બે ઘટના પૂર્વે જ અમદાવાદના એસપી રીંગ રોડ પર નાના ચિલોડા પાસેથી રૂ. ૧૪ કરોડના મેથાફેટામાઈન ડ્રગ્સ સાથે એક આરોપીની નરોડા પોલીસે ધરપકડ કરી હતી.

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ | | | | |
| માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન : | | | | |
| ભાવ ૨૦ કીલો મુજબ | - તારીખ મુજબ આવક માલ ભાવ - | | | બુધવાર, ૦૩/૦૬/૨૦૨૬ |
| ૧ | મગફળી | ૧૭૨૬ | ૧,૨૦૦.૦૦ | ૨,૦૦૧.૦૦ |
| ૨ | એરંડા | ૭૦ | ૧,૨૯૦.૦૦ | ૧,૨૯૮.૦૦ |
| ૩ | ઘઉં | ૯૫૭ | ૪૬૯.૦૦ | ૫૪૯.૦૦ |
| ૪ | બાજરી | ૫૬૦ | ૪૨૫.૦૦ | ૫૧૧.૦૦ |
| ૫ | મકાઇ | ૨૪૩ | ૪૧૦.૦૦ | ૪૩૭.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૪૬ | ૧,૧૨૫.૦૦ | ૧,૩૬૦.૦૦ |
| ૭ | ચણા | ૬ | ૯૨૫.૦૦ | ૯૮૭.૦૦ |
| ૮ | ગવાર | ૧ | ૯૦૫.૦૦ | ૯૫૦.૦૦ |
| ૯ | સોયાબીન | ૩૩ | ૧,૧૩૦.૦૦ | ૧,૪૨૬.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

### રેલવે સુરક્ષા જાગૃતિ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સુરક્ષિત વર્તન અપનાવવાનો સંદેશ

## આરપીએફ અસારવા દ્વારા આઈટીઆઈ કુબેરનગર ખાતે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું




રેલવેમાં પથ્થરમારો, અનધિકૃત રેલવે પ્રવેશ, ચેઈન પુલિંગ, રન-ઓવર જેવી દુર્ઘટનાઓને અટકાવવા તથા જનજાગૃતિ વધારવાના હેતુથી રેલવે સુરક્ષા બળ (RPF) પોસ્ટ અસારવા દ્વારા આઈટીઆઈ કુબેરનગર ખાતે વિશેષ રેલવે સુરક્ષા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શ્રી અંશુમાન રામ ત્રિપાઠી, IRPFS, વરિષ્ઠ મંડળ સુરક્ષા આયુક્ત, RPF, અમદાવાદ મંડળ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને રેલવેમાં બનતી પથ્થરમારાની ઘટનાઓ, રેલવે પાટા પર અનધિકૃત રીતે ચાલવા અથવા તેને ઓળંગવાના ગંભીર જોખમો તેમજ તેના કાનૂની પરિણામો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પથ્થરમારો અને રેલવે વિસ્તારમાં અનધિકૃત પ્રવેશ માત્ર રેલવે સંપત્તિને નુકસાન પહોંચાડતા નથી, પરંતુ મુસાફરો અને રેલવે કર્મચારીઓના જીવનને પણ ગંભીર જોખમમાં મૂકે છે.

તેમણે વિદ્યાર્થીઓને રેલવે પાટાથી સુરક્ષિત અંતર જાળવવા, દોડતી ટ્રેનો પર પથ્થર ન ફેંકવા તથા હંમેશા સુરક્ષિત વર્તન અપનાવવાની અપીલ કરી હતી. સાથે જ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાંથી પ્રાપ્ત થયેલી માહિતીને પોતાના પરિવારજનો, મિત્રો અને પડોશીઓ સુધી પહોંચાડીને રેલવે સુરક્ષા અંગે જનજાગૃતિ વધારવામાં સક્રિય ભૂમિકા ભજવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. શ્રી ત્રિપાઠીએ વિદ્યાર્થીઓને વિવિધ કારકિર્દી તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ તેમને નશા અને અન્ય અસામાજિક પ્રવૃત્તિઓથી દૂર રહેવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમ RPF પોસ્ટ અસારવાના પ્રભારી નિરીક્ષક શ્રી મનુ છૌક્કર તથા તેમની ટીમના વિશેષ પ્રયત્નોથી આયોજિત કરવામાં આવ્યો હતો. RPF અસારવા દ્વારા સતત ચલાવવામાં આવતા જનજાગૃતિ અભિયાનો, જેમ કે "સંવાદ", અને સામુદાયિક સહભાગિતાના સકારાત્મક પરિણામો સામે આવ્યા છે. ગયા વર્ષે જ્યાં પથ્થરમારાની ૯ ઘટનાઓ નોંધાઈ હતી, ત્યાં વર્ષ ૨૦૨૬માં મે મહિના સુધી માત્ર ૨ ઘટનાઓ જ નોંધાઈ છે. આ નોંધપાત્ર સિદ્ધિ RPFના સતત અને સમર્પિત પ્રયાસોનું પરિણામ છે. તેમ છતાં RPF અસારવા આવી ઘટનાઓને સંપૂર્ણપણે નાબૂદ કરવાના લક્ષ્ય સાથે સતત કાર્યરત છે.

કાર્યક્રમમાં શ્રી નીરવ વિષ્ણુભાઈ દેસાઈ, પ્રાચાર્ય, ITI કુબેરનગર તથા સંસ્થાના અન્ય શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આશરે ૨૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલવે સુરક્ષાનો સશક્ત સંદેશ આપતા કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન થયું હતું.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત
- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારો સુધી કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે તેમજ આર્થિક વિકાસને ગતિ મળશે

# ૫ જૂનના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં: રૂા.૧૨,૪૨૧ કરોડના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પ્રકલ્પોનું લોકાર્પણ અનેખાતમુહૂર્ત

**હજીરામાં રૂા.૧૪૯ કરોડના ખર્ચે બનશે ૬-લેન અંડરપાસ અને ફ્લાયઓવર, ભારે વાહનોની અવરજવર બનશે સુગમ**

### NH-56ના અપગ્રેડેશન હેઠળ ધમાસીયા–બિટાડા અને નસારપોર–મલોથા સેક્શનને ફોર-લેન બનાવવાની કામગીરીનું ખાતમુહૂર્ત










વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૫ જૂન, ૨૦૨૬ એટલે કે વિશ્વ પર્યાવરણ દિવસના રોજ ગુજરાતમાં સુરતની મુલાકાતે આવી રહ્યા છે.

આ મુલાકાત દરમિયાન તેઓ દક્ષિણ ગુજરાત વિસ્તારને ૧૨,૪૨૧ કરોડના રાષ્ટ્રીય ધોરીમાર્ગના પ્રકલ્પોની ભેટ આપશે. તેમના હસ્તે વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના બે પેકેજનું લોકાર્પણ કરવામાં આવશે તેમજ અન્ય ચાર મહત્વપૂર્ણ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. રાષ્ટ્રીય ધોરીમાર્ગના આ પ્રકલ્પોથી દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં કનેક્ટિવિટીમાં વધારો થશે તેમજ સ્થાનિક આર્થિક વિકાસને પણ વેગ મળશે.

રૂા.૭૬૮૯ કરોડના ખર્ચે વડોદરા-મુંબઈ એક્સપ્રેસવે (પેકેજ VI અને VII)નું લોકાર્પણ

વડાપ્રધાનશ્રીના હસ્તે વડોદરા મુંબઈ એક્સપ્રેસવે પર ૩૬ કિલોમીટર લાંબા કીમ-એના સેક્શન (પેકેજ VI) અને ૨૭.૫૦ કિલોમીટર લંબાઈના ગણદેવાથી એના સેક્શન (પેકેજ VII)નું લોકાર્પણ કરવામાં આવશે. રૂા.૭૬૮૯ કરોડના ખર્ચે આ બન્ને પેકેજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બન્ને પેકેજમાં મેજર બ્રિજ, માઈનર બ્રિજ, રેલ રોડ બ્રિજ, ફ્લાયઓવર્સ અને વ્હિકલ અંડરપાસ (VOP)નું વ્યાપક નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું છે. સ્થાનિકોની સગવડતા માટે બન્ને પેકેજમાં કુલ ૭૦ અંડરપાસ અને બે ઈન્ટરચેન્જનું નિર્માણ કરવામાં આવ્યું છે.

૮ લેનના માર્ગની શરૂઆત થવાથી આ વિસ્તારમાં કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે અને ઝડપી પરિવહન શક્ય બનશે. ડ્રાઈવરોની સુરક્ષા અને સગવડમાં વધારો કરવા માટે આ બન્ને પેકેજ પર કુલ સાત સુવિધાસભર રેસ્ટ એરિયા બનાવવામાં આવશે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર આ બે પેકેજ શરૂ થવાથી આગામી સમયમાં માલસામાનની અવરજવર વધુ ઝડપી બનશે અને ભારતમાલા પરિયોજનાના લક્ષ્ય અનુસાર સ્થાનિક ઉદ્યોગો માટે લૉજિસ્ટિક્સનો ખર્ચો ઘડાટવામાં મદદ મળશે.

આ ઉપરાંત, રૂા.૪૭૩૨ કરોડના ખર્ચે NHAIના અન્ય ૪ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે, જેમાં NH-56 (પેકેજ ૪) ના ધમાસીયાથી બિટાડા / મોવીનું ફોર લેનિંગ, NH-56 (પેકેજ ૬) ના નસરપોરથી મલોથાનું ફોર લેનિંગ, સુરત હજીરા નેશનલ હાઈવે (NH-53) પર ૬ લેન VUP એટલે કે વ્હીકલ અંડરપાસ (રિલાયન્સ) અને VUP કમ ફ્લાયઓવર (કાવાસ)નો સમાવેશ થાય છે.

NH-56ના અપગ્રેડેશનથી આદિજાતિ જિલ્લાઓની કનેક્ટિવિટી મજબૂત બનશે

ગુજરાતમાં NH-56ના અપગ્રેડેશન હેઠળ ધમાસીયા–બિટાડા અને નસારપોર–મલોથા સેક્શનને ફોર-લેન બનાવવાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી તેમજ આ વિસ્તારના આદિજાતિ જિલ્લાઓ (નર્મદા, તાપી, વલસાડ, છોટા ઉદેપુર) સુધી કનેક્ટિવિટીમાં વધારો થશે. આ ફોર લેન માર્ગો ખેડૂતો, ઉદ્યોગો અને ટ્રેડ રૂટને જોડીને સ્થાનિક વિકાસમાં યોગદાન આપશે.

૧૦૭.૬૭ કિલોમીટરની કુલ લંબાઈના આ ફોર લેન માર્ગના નિર્માણથી મુસાફરીના સમયમાં ૪૦ મિનિટ સુધી ઘટાડો થશે અને સરેરાશ ગતિમાં ૭૫ ટકાનો વધારો જોવા મળશે. આ ફોર લેન ફાર્મા, મેડિકલ ક્લસ્ટર તેમજ ફિશીંગ સી-ફુડ ક્લસ્ટર, આ વિસ્તારના આદિજાતિ જિલ્લાઓ અને લૉજિસ્ટિક્સ નોડ્સ (એક એરપોર્ટ, ૦૨ રેલવે સ્ટેશન અને ૦૨ બંદરો) ને જોડશે.

હજીરામાં બનશે ૬ લેનનો ફ્લાયઓવર અને વ્હીકલ અંડરપાસ

રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૫૩ ના હજીરા બંદર-સુરત વિભાગ પર લગભગ રૂા.૧૪૯ કરોડના બે મહત્વપૂર્ણ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. નવા ૬-લેન ફ્લાયઓવર અને અંડરપાસનું નિર્માણ હજીરા પોર્ટ અને ઔદ્યોગિક વિસ્તારો માટે ભારે માલવાહક ટ્રાફિકની અવરોધમુક્ત અને ઝડપી અવરજવર સુનિશ્ચિત થઈ શકશે. તેનાથી દરિયાઈ વેપાર અને ઔદ્યોગિક વિકાસની સાથોસાથ સુરતના સ્થાનિક નાગરિકો માટે સલામત અને ટ્રાફિકની ભીડથી મુક્ત મુસાફરીની સુવિધા મળશે. આ ફ્લાયઓવર અને અંડરપાસના નિર્માણથી હજીરા બંદર નજીકના ભારે ઔદ્યોગિક વિસ્તારની ભીડ ઓછી થશે અને સુગમ પરિવહન સુનિશ્ચિત થશે.

# નાયબ મામલતદારો હવેથી કાગળો કાઢી લઈને મહેસુલી નોધ નામંજુર નહી કરી શકે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા જમીન મિલ્કતના દસ્તાવેજ, વેચાણ અને ફેરફાર નોધની મંજુરીની પ્રક્રિયામાં આમુલ પરીવર્તન લાવતો એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

નવી જાહેર કરાયેલી સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર(એસઓપી) અનુસાર હવેથી જમીન મહેસુલ નિયમો હેઠળ નાયબ મામલતદારો (સર્કલ ઓફીસર) ફીઝીકલ કાગળો ગાયબ કરીને કે મનસ્વી બહાના હેઠળ મહેસુલી નોધો નામંજુર કરી શકશે નહી. કાયદાકીય સુધારા બાદ મહેસુલ વિભાગ દ્વારા આ અંગેનો પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેનાથી સમગ્ર નોધ નિકાલ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન (ઈ-ફાઈલીંગ) બનશે.



રાજયના મહેસુલ વિભાગે ગઈ તારીખ ૧ એપ્રિલના રોજ વટહુકમ બહાર પાડીને જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૧૩૫ ડી માં સુધારો કર્યો હતો. આ સુધારા મુજબ, જો કોઈ જમીન ફેરફાર નોધ એક વરસ કે તેથી વધુ સમયથી પડતર ન હોય, કોઈ લીટીગેશન કે દાવો ન હોય, અને શાંતિપૂર્ણ કબ્જો હોય તેવા કિસ્સાઓમાં ૭/૧૨ ના તમામ હક્કદારોએ વેચાણ દસ્તાવેજમાં સહી કરી આપી હોય તો ૧૩૫ ડી ની નોટીસ આપોઆપ નિરસ્ત (રદ) થઈ જશે. મહેસુલ વિભાગના સંયુકત સચિવ એચ સી પટેલની સહી થી પ્રસિધ્ધ થયેલા આ પરીપત્રથી સમગ્ર પ્રક્રિયાનુ સરળીકરણ થયુ છે.


હવે ઈ-ધરા કેન્દ્રોમાંથી સર્કલ ઓફીસરોને એકપણ ફીઝીકલ કાગળ મોકલવામાં આવશે નહી. દસ્તાવેજ સહિતની તમામ હક્ક પત્રકની વિગતો ઈલેકટ્રોનીક ફાઈલ સ્વરૂપે જ ઓનલાઈન ટ્રાન્સફર થશે. ઈ-ધરા માં નામ દાખલ થયા બાદ સિસ્ટમ દ્વારા આપોઆપ ૧૩૫ ડી નોટીસ જનરેટ થશે અને તે સીધી સર્કલ ઓફીસરના લોગીનમાં જશે. જો ૪૫ દિવસમાં કોઈ વાંધો ન આવે તો સર્કલે નિર્ણય લઈ ઈ-ફાઈલ પરત ઈ-ધરા ના લોગીનમાં મોકલવી પડશે. જો કોઈ વાંધો હોય તો તે ફાઈલ પ્રાંત ઓફીસરના લોગીનમાં જશે અને ત્યાંના નિર્ણય બાદ ઈ-ધરા મારફતે રેકોર્ડ પર લેવાશે.

આ નિર્ણયના કારણે ૩ શરતોને આધીન ૧૩૫ ડી ની નોટીસ નિરસ્ત થતા જ માત્ર ૨૪ કલાકમાં વેચાણ કે ફેરફાર નોધ મંજુર થઈ શકશે. જેથી સમયની બચત થશે, વેબ ભુલેખ સોફટવેરના કારણે વહિવટમાં પારદર્શિતા આવશે. ઈ-ધરાથી લઈને સર્કલ, પ્રાંત કે મહેસુલ વિભાગ સુધી કઈ ફાઈલ કોની પાસે કેટલો સમય પડતર રહી, તે હવે માત્ર એક કિલકથી જાણી શકાશે. અગાઉ ફીઝીકલ ડોકયુમેન્ટથી પેઢીનામુ કે ખેડુત સર્ટીફીકેટ જેવા કાગળો ગાયબ કરીને નોધો નામંજુર કરવાનો ખેલ ચાલતો હતો, જે હવે ઈલેકટ્રોનીક વોચ અને ઓનલાઈન રેકોર્ડના કારણે સંપૂર્ણપણે બંધ થઈ જશે. પરીણામે નાગરીકોને મોટી રાહત મળશે. સરકારી કચેરીઓના ધક્કા, વચેટીયાઓની ચુંગાલ અને ખોટી માંગણીઓમાંથી ખેડુતો તેમજ સામાન્ય નાગરીકોને કાયમી મુકિત મળશે. આ નવો કાયદાકીય પરીપત્ર ગુજરાતમાં જમીન વહિવટને વધુ સુદ્રઢ, ડીઝીટલ અને લોકાભીમુખ બનાવવાની દિશામાં એક ક્રાંતિકારી પગલુ સાબિત થશે.

## રાજયમાં એચ ટાટ મુખ્ય શિક્ષકોની ખાલી જગ્યાઓ યુદ્ધના ધોરણે ભરવા આદેશ: કુલ ૧૮૦૮ જગ્યાઓ તાત્કાલીક ધોરણે ભરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓ માટે એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર પરીપત્ર બહાર પાડીને એચ ટાટ મુખ્ય શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ નિર્ણયથી લાંબા સમયથી પ્રતિક્ષા કરી રહેલા ઉમેદવારોની હવે ભરતી થશે.



સરકારે જાહેર કરેલા પરીપત્રમાં જણાવ્યા અનુસાર રાજયની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકોની ખાલી પડેલી કુલ ૧૮૦૮ જગ્યાઓ તાત્કાલીક ધોરણે ભરવા માટેની સુચના આપવામાં આવી છે. આ સમગ્ર ભરતી પ્રક્રિયા ૧:૧:૨ ના રેશિયો અંતર્ગત કરવામાં આવશે. જે માટે વહિવટી તંત્રને તાત્કાલીક અને યોગ્ય કાર્યવાહી કરવાના કડક આદેશો છુટયા છે. શિક્ષણ વિભાગે ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને નવી જગ્યાઓ માટે પણ દરખાસ્ત મોકલવા જણાવ્યુ છે. આગામી નવા અંદાજપત્રની તૈયારીઓ શરૂ થાય તે અગાઉ જ આ નવી જગ્યાઓની દરખાસ્ત મોકલી આપવા માટે વહિવટી તંત્રને સુનિશ્ચિત કરવા કહેવાયુ છે. શિક્ષણ વિભાગના આ આક્રમક અને ત્વરીત નિર્ણયને પગલે રાજયની સરકારી શાળાઓના વહિવટી માળખામાં મોટો સુધારો થશે અને શિક્ષણનુ સ્તર વધુ મજબુત બનશે તેવુ માનવામાં આવી રહ્યુ છે. વહિવટી તંત્ર હવે આ ૧૮૦૮ જગ્યાઓ ભરવા માટે યુદ્ધના ધોરણે પ્રક્રિયા શરૂ કરશે.

## હિંમતનગર ખાતે નવનિર્મિત ડિસ્ટ્રિકટ કોર્ટ બિલ્ડીંગનુ આવતી કાલે હાઈ કોર્ટના જસ્ટીસ હેમંત પ્રચ્છક ના હસ્તે ઉદ્‌ઘાટન થશે

### સાબરકાંઠાના ન્યાયતંત્રમાં નવો અધ્યાય : હિંમતનગરની તમામ કોર્ટ હવે ન્યાય મંદિરના નવા સંકુલમાં કાર્યરત થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ન્યાયીક પ્રક્રિયાને વધુ વેગવંતી અને સુવિધાયુકત બનાવવાના ઉદેશ સાથે નવનિર્મિત ડિસ્ટ્રિકટ કોર્ટ બિલ્ડીંગનુ આવતી કાલે તારીખ ૫ જુન ૨૦૨૬ શુક્રવારના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટના નામદાર જસ્ટીસ અને સાબરકાંઠા જિલ્લાના એડમિનિસ્ટ્રેટીવ જજ શ્રી હેમંત એમ પ્રચ્છક ના વરદહસ્તે આ નુતન સંકુલનુ લોકાર્પણ સવારે ૧૦ કલાકે નિર્ધારીત કરવામાં આવ્યુ છે.

આ આધુનિક સેવાઓથી સજજ બિલ્ડીંગના પ્રારંભ સાથે જિલ્લાના ન્યાયતંત્રમાં એક નવો સીમાચિન્હ પ્રાસ્થાપિત થશે.


આ ઉદ્‌ઘાટન સમારોહ બાદ હિંમતનગર તાલુકામાં કાર્યરત તમામ અદાલતો નવા સંકુલમાં કાર્યરત થશે. પ્રિન્સિપલ ડિસ્ટ્રિકટ જજ શ્રી કે આર રબારી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી સત્તાવાર અધિસુચના મુજબ જિલ્લા અને સેશન્સ કોર્ટ, એડીશનલ ડિસ્ટ્રિકટ કોર્ટ, પ્રિન્સિપલ સીનીયર સીવીલ જજ કોર્ટ, ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ સહિતની તમામ તાબાની સીવીલ અને ક્રિમીનલ કોર્ટ તેમજ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ (ડીએલએસએ) ની કચેરીઓ આવતી કાલે તારીખ ૫ જુન ૨૦૨૬ થી નવા બિલ્ડીંગમાંથી જ પોતાની કામગીરી શરૂ કરશે. માત્ર મજુર અદાલત સિવાયની તમામ કોર્ટ આ નવા સંકુલમાં કાર્યરત થવાની છે.

હિંમતનગરના પીન કોડ ૩૮૩૦૦૧ વિસ્તારમાં ન્યાય મંદિર તરીકે ઓળખાતા આ નવનિર્મિત ડિસ્ટ્રિકટ કોર્ટ બિલ્ડીંગમાં સ્થળાંતર થવાથી પક્ષકારો, વકીલો અને કર્મચારીઓ માટેની વહિવટી સરળતામાં વધારો થશે. આવતી કાલે તારીખ ૫ જુનના રોજ સત્તાવાર કચેરી સમય પૂર્વે જ તમામ અદાલતી કામગીરી આ નવા સરનામે તબદીલ કરી દેવામાં આવશે. નવુ સરનામુ ડિસ્ટ્રિકટ કોર્ટ અને સેશન્સ કોર્ટ ન્યાય મંદિર, હિંમતનગર, સાબરકાંઠા ૩૮૩૦૦૧ રહેશે.

## મારી નીતી રીતી થી આપ પરિચિત છો : ઓડીયો વિવાદમાં ઘેરાયેલા સી જે ચાવડાએ ઠાકોર સમાજની માફી માંગી

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના વિજાપુર બેઠકના ધારાસભ્ય ડો. સી જે ચાવડા છેલ્લા કેટલાક સમયથી સોશીયલ મીડીયા પર વાયરલ થયેલી એક કથિત ઓડીયો કિલપના કારણે વિવાદમાં આવ્યા હતા. આ વિવા દ બાદ હવે ધારાસભ્ય એ પોતે સોશીયલ મીડીયાના માધ્યમથી સત્તાવાર પ્રતિક્રિયા આપીને સમગ્ર ઠાકોર સમાજની સાચા હૃદયથી માફી માંગી લીધી છે અને દિલગીરી વ્યકત કરી છે. વાયરલ ઓડીયો કિલપને પગલે ઠાકોર સમાજમાં વ્યાપેલી નારાજગીને ઠારવા માટે ડો. સી જે ચાવડાએ સોશીયલ મીડીયા પર એક નિવેદન જાહેર કર્યુ હતું. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે આપ સૌ મારી નીતી રીતી થી સારી રીતે પરિચિત છો, તેમ છતાં , જો આ ઘટનાથી સમાજની લાગણી દુભાઈ હોય અને સમાજને દુઃખ થયુ હોય તો હું ક્ષમા ચાહુ છું. પોતાના નિવેદનમાં ધારાસભ્ય એ ક્ષત્રિય ઠાકોર સમાજ પ્રત્યે આદર વ્યકત કરતા ઉમેર્યુ હતુ કે ક્ષત્રિય ઠાકોર સમાજનુ ગૌરવવંતુ સ્થાન મારા હૃદયમાં જન્મથી જ છે અને જીવનપર્યત રહેશે. તેમણે ઠાકોર સમાજના ભાઈઓ સમક્ષ કોઈપણ જાતના સંકોચ વિના સાચા હૃદયથી




દિલગીરી વ્યકત કરી વિવાદનો અંત લાવવાનો પ્રયાસ કર્યો છે.

આ વિવાદાસ્પદ ઓડીયો કિલપ પાછળ કોનો હાથ છે તે અંગે પણ ધારાસભ્ય એ સ્પષ્ટતા કરી હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે આ કથિત ઓડીયો કિલપ કયારે, કયાં અને કોણે બનાવી છે, તેની પાછળની સાચી સચ્ચાઈ શું છે તે જાણવા માટે અત્યારે તપાસ ચાલી રહી છે.

## રાજુલાના છતડીયા બ્રિજ નીચે કાર અને બાઈક વચ્ચે અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાંથી એક હૃદયદ્રાવક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. રાજુલામાંથી પસાર થતા ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર એક ફોરવ્હીલર કાર અને મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક ટક્કરમાં બાઈક ચાલક વૃદ્ધનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે.ઘટનાની મળતી માહિતી મુજબ, આ અકસ્માત રાજુલા નજીક આવેલા ભાવનગર-સોમનાથ હાઈવે પર છતડીયા ગામના બ્રિજ નીચે બન્યો હતો. હાઈવે પરથી પસાર થઈ રહેલી એક તેજ રફતાર ફોરવ્હીલર ગાડી અને મોટરસાયકલ વચ્ચે કોઈ કારણોસર જોરદાર અકસ્માત થયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે, મોટરસાયકલના ફુરચેફુરચા ઉડી ગયા હતા અને બાઈક સવાર વૃદ્ધ રોડ પર પટકાયા હતા.


**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**CENTRAL WORKSHOP**
**Short E – Tender Notice**

Tender No. 08 & 09 / 2026-27 Annual rate contract for supply of different size of tyres for AMC and Fire vehicles as per specification, scope of work & terms of AMC.

| | |
|---|---|
| Online Submission upto | Date : 15/06/2026 up to 18.00 Hrs. |
| Details and Tenders available on | www.tender.nprocure.com<br>www.ahmedabadcity.gov.in |

**પશ્ચિમ રેલ્વે**
**મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ**
**વિવિધ સામગ્રી પુરવઠો**
**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નં. S/27/2026 તારીખ 02.06.2026**

| ક્ર. નં. | ટેન્ડર નં. | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 210 | WR-TPI-2-2026 | ભારતીય રેલવેમાં માલના નિરીક્ષણ માટે તૃતીય પક્ષ નિરીક્ષણ એજન્સીઓની સંડોવણી | ટેન્ડર મુજબ | 29-જૂન-26 |

શુધ્ધિપત્ર

નોંધ 1. કોરિજેન્ડમ નં. 1 તારીખ 01.06.2026 TOD, પ્રી-બિડ પ્રશ્નોના જવાબ અને RFQ કોરિજેન્ડમને લંબાવવા માટે IREPS પર પ્રકાશિત/અપલોડ કરેલ.

નોંધ ૨. તારીખ 02.06.2026 ના શુદ્ધિપત્ર નં. 2 દ્વારા, TOD ને 29.06.2026 સુધી લંબાવવામાં આવ્યો છે.

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0197

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
**મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ**
**વિવિધ સામગ્રી પુરવઠો**
**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નં. S/26/2026 તારીખ 29.05.2026**

| ક્રમ નં. | ટેન્ડર નં. | વસ્તુનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 192 | 22262432 | ઇક્વેલાઇઝરનો સેટ | 21 સેટ | 06-જુલાઈ-26 |
| 193 | 06263456 | હિટાચી ટાઇપ ટ્રેક્શન મોટર માટે કાર્બન બ્રશ | 12117 નંગ | 03-જુલાઈ-26 |
| 194 | 23262206 | અપગ્રેડેડ હાઇ ટેન્સાઇલ Non-Tr CBC માટે યોક | 2812 નંગ | 02-જુલાઈ-26 |
| 195 | 22262810 | AC પેન્ટોગ્રાફ પ્રકાર AM-12 માટે મેટલાઇઝ્ડ કાર્બન સ્ટ્રીપ | 1076 નંગ | 01-જુલાઈ-26 |
| 196 | 22261549 | ટેપ ચેન્જર માટે AOH કીટ જેમાં 53 વસ્તુઓનો સમાવેશ થાય છે | 86 સેટ | 01-જુલાઈ-26 |
| 197 | 06262185 | ચાર V ડીપ ગ્રુવ એક્સલ પુલી | 459 નંગ | 30-જુન-26 |
| 198 | 29263006 | ટ્રાન્સ કેથેટર એઓર્ટિક વાલ્વ (બલૂન એક્સપાન્ડેબલ) | 16 નંગ | 30-જુન-26 |
| 199 | 06261202 | ઓછી જાળવણી માટે સ્ટેશનરી લીડ એસિડ | 43 સેટ | 30-જુન-26 |
| 200 | 03262877A | 4 mm ડાયા મેન્યુઅલ મેટલ આર્ક વેલ્ડીંગ ઇલેક્ટ્રોડ્સ, ક્લાસ M2 | 23131 કિ.ગ્રા. | 29-જુન-26 |
| 201 | 06261247 | નોન એસી કોચ માટે બેટરી બોક્સ | 451 નંગ | 29-જુન-26 |
| 202 | 04261708 | ગેસ ફ્રીઓન-22 થી IS-5610/1993 | 15247 કિ.ગ્રા. | 29-જુન-26 |
| 203 | 09255018A | મુખ્ય ટ્રેક્શન ટ્રાન્સફોર્મરનો પુરવઠો | 1 નંગ | 29-જુન-26 |
| 204 | 09263007 | EMU/MEMU કોચ માટે K પ્રકારનો નોન એસ્બેસ્ટોસ કમ્પોઝિટ બ્રેક બ્લોક્સ | 95768 નંગ | 29-જુન-26 |
| 205 | 22263552 | 3 ફેઝ લોકોમોટિવ માટે સ્પેર અને એસેસરીઝ સાથે બેટરી [Ni-Cd] | 13 સેટ | 29-જુન-26 |
| 206 | 15260606 | કોચ માટે સુધારેલ IRS સાઇડ બફર કેસીંગ | 907 નંગ | 25-જુન-26 |
| 207 | 23263939 | BLC વેગન માટે ઓટોમેટિક ટ્વિસ્ટ લોક | 2144 નંગ | 24-જુન-26 |
| 208 | 27267003 | 2026-2027 અને 2027-2028 વર્ષ માટે અશોક લેલેન્ડ મેક એન્જિનના સ્પેર સપ્લાય માટે બે વર્ષનો કરાર કરો | 1 સેટ | 24-જુન-26 |
| 209 | 06261696 | માઇક્રોપ્રોસેસર કંટ્રોલર | 228 નંગ | 24-જુન-26 |

શુધ્ધિપત્ર

કૃપા કરીને ક્રમાંક 142 પર ટેન્ડર નોટિસ નંબર S-22-2026 તારીખ: 06.05.2026 માટે "19.06.2026" તરીકે નિયત તારીખ વાંચો.

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અંગે અને વિગતવાર ટેન્ડર શરતો માટે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0188

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# મહારાષ્ટ્ર બાદ હવે ગુજરાતમાં પણ દેવા માફીની માંગ: બનાસકાંઠાના ખેડુતોની સરકાર સમક્ષ રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મહારાષ્ટ્રમાં ખેડુતો માટે દેવા માફી અને રાહત પેકેજની માંગ વચ્ચે હવે ગુજરાતમાં પણ ખેડુતોના પ્રશ્નો ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ખેડુતો દ્વારા રાજય સરકાર સમક્ષ દેવા માફીની માંગ ઉઠાવવામાં આવી છે. ખેડુતોનુ કહેવુ છે કે છેલ્લા કેટલાક વરસોથી કમોસમી વરસાદ, કુદરતી આફતો અને ખેતી ખર્ચમાં સતત થઈ રહેલા વધારાના કારણે તેઓ ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.




ખાસ કરીને નાની કૃષિ મંડળીઓ, સહકારી સંસ્થાઓ અને કૃષિ ધિરાણ આપતી સંસ્થાઓ પાસેથી લેવામાં આવેલી લોનનુ ભારણ હવે ખેડુતો માટે અસહ્ય બની રહ્યુ હોવાનુ ખેડુતો જણાવી રહ્યા છે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રની જેમ ગુજરાત સરકાર પણ વિશેષ રાહત પેકેજ અથવા દેવા માફી અંગે વિચાર કરે તેવી માંગ ઉઠી રહી છે. બનાસકાંઠા સહિત રાજયના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી કમોસમી વરસાદ અને બદલાતા હવામાનને કારણે ખેતીને ભારે નુકશાન થયુ છે.

ખેડુતોના જણાવ્યા મુજબ પાક તૈયાર થવાના સમયે વરસાદ પડવાથી ઉત્પાદનને નુકશાન પહોચે છે અને બજારમાં અપેક્ષિત ભાવ પણ મળતા નથી, ખેડુતોનુ કહેવુ છે કે પાક નુકશાનના કારણે આવક ઘટી રહી છે. તો બીજી તરફ ખેતી માટે લેવામાં આવેલી લોનની ચુકવણીનો સમય નજીક આવી રહ્યો છે. પરીણામે અનેક ખેડુતો આર્થિક દબાણ હેઠળ આવી ગયા છે. ખેડુત આગેવાનોનુ માનવુ છે કે કુદરતી આફતો સામે ખેડુત સંપૂર્ણ પણે લાચાર બની જાય છે અને આવી સ્થિતિમાં સરકાર તરફથી વિશેષ સહાય મળવી જરૂરી છે.

ખેડુતોના આક્ષેપ મુજબ ખેતી માટે જરૂરી ઈનપુટ ખર્ચ છેલ્લા કેટલાક વરસોમાં નોધપાત્ર રીતે વધ્યો છે. ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ અને ડીઝલના ભાવમાં સતત વધારો થવાના કારણે ખેતીનો ખર્ચ વધી રહ્યો છે. સિંચાઈ માટે ડીઝલ પંપનો ઉપયોગ કરતા ખેડુતોને વધતા ઈંધણ ખર્ચનો સીધો ફટકો પડી રહ્યો છે. ઉપરાંત મજુરી ખર્ચમાં પણ વધારો થતા ખેતી નફાકારક વ્યવસાયને બદલે જોખમી પ્રવૃત્તિ બની રહી હોવાનુ ખેડુતોનુ કહેવુ છે. ખેડુતોનુ માનવુ છે કે ઉત્પાદન ખર્ચ વધવા છતાં બજારમાં પાકના યોગ્ય ભાવ મળતા નથી. જેના કારણે આવક અને ખર્ચ વચ્ચેનુ સંતુલન બગડી રહ્યુ છે.

ખેડુતોના સંગઠનોના જણાવ્યા મુજબ અનેક ખેડુતો સહકારી મંડળીઓ, કૃષિ સહકારી બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન લઈને ખેતી કરે છે. પરંતુ સતત નુકશાનના કારણે ઘણા ખેડુતો સમયસર લોનની ચુકવણી કરી શકતા નથી. આ સ્થિતિમાં વ્યાજનો બોજ વધતો જાય છે અને ખેડુતો વધુ આર્થિક મુશ્કેલીમાં ફસાઈ જાય છે. ખેડુતોનુ કહેવુ છે કે દેવા માફી અથવા વ્યાજમાં રાહત આપવામાં આવે તો તેઓ ફરીથી ખેતી પ્રવૃત્તિને મજબુત બનાવી શકે.

# એક બાજુ વિકાસની વાતો બીજી બાજુ નાસિર નગરમાં વિનાશનું વાવાઝોડું?

## જો SMC ધ્વારા ડિમોલિશન નથી કરાયું ત્યારે સામા ચોમાસે બસો ઉપરાંત ઘરવાળાઓને બેઘર કરાવનાર પડદા પાછળનો ખેલાડી કોણ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના વેડ દરવાજા પાસે વર્ષો જૂની મુસ્લિમ વિસ્તારની વસ્તી ધરાવતી નાસિર નગર નામની ઝુંપડપટ્ટીના ૨૦૦ ઘરોને ચાર દિવસ પહેલા જ કોઈપણ પ્રકારની આગોતરી જાણ કે કોઈ પણ પ્રકારની મૌખિક કે લેખિત નોટિસ આપ્યા વગર એકાએક પોલીસ કાફલા સાથે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ જેસીબી મશીન લઈને નાસિર નગર ઝુંપડપટ્ટી પાસે પહોંચીને એકાએક તોડફોડની કામગીરી શરૂ કરતાં ૨૦૦ ઘરોના હજાર ઉપરાંત રહીશોમાં ગભરાટ ફેલાવવાની સાથે સાથે ભાગદોડ મચી ગઈ હતી.

ત્યારે નાસિર નગરમાં એકાએક કરાયેલા આ ડિમોલિશન પાછળ ઊભા થયેલા જે પેચીદા સવાલો છે એ સવાલો આજે પણ અનુત્તર રહ્યા છે. જેનો ચાર-ચાર દિવસથી કોઈ પણ પ્રકારનો જવાબ આજ સુધી ભોગ બનનારાઓને મળ્યો નથી કે નથી એમને ન્યાય અપાવવા નીકળેલા નેતાઓને.

ત્યારે જે સવાલો ઊભા થયા છે એવા આ સવાલોમાં જો SMC એ આ ડિમોલિશન નથી કરાવ્યુ તો પછી કોના ઈશારે આ ડિમોલેશન કરાયું? શું કોઈ બિલ્ડરને શાસક પક્ષના કોઈ મોટા માથા સાથે ઘરેબો હોવાને લઈને SMC અને પોલીસ પર દબાણ લવાઈને આ ડિમોલિશન કરાયું છે?

આ ડિમોલિશન કરાવવા માટે પોલીસ પ્રોટેક્શન ની માંગણી કરી કોણે? SMC એ પછી અન્ય કોઈએ? એનો કોઈ જવાબ અપાતો નથી. ઉપરાંત SMCના અધિકારીઓ પણ કહે છે કે SMC એ કામ નથી કર્યું. તો પછી આ ઘરો સામા ચોમાસે તોડાવનાર માસ્ટર માઈન્ડ કોણ?

આવા તો અનેક અનુત્તર રહેલા સવાલોના જવાબો મેળવવા સાથે સામા ચોમાસે ઘરવાળાઓને બેઘર કરનારાઓની સાન ઠેકાણે લાવવા અને સદર ડિમોલિશનનો ભોગ બનેલાઓ માટે વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર આ બાબતે ભોગ બનેલા નાસિર નગર વાસીઓને ન્યાય અપાવવા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની PIL કરીને સદર ડિમોલિશનના પડદા પાછળના ખેલાડીને ખુલ્લો પાડીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે.

# વાહન વ્યવહાર વિભાગના વડા હારીત શુકલાના આદેશનુ જી.એસ.આર.ટી.સી. ના એમ.ડી. કેમ પાલન કરતા નથી?

## પાલન ન કરનાર એમ.ડી. વિરૂધ્ધ હારીત શુકલા કેમ કાર્યવાહી કરાવતા નથી? તેનુ કારણ શું?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના વાહન વ્યવહાર અને બંદરો વિભાગના વડા આઈએએસ હારીત શુકલા ના આદેશનુ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (જીએસઆરટીસી) ના ઈન્ચાર્જ એમડી ડો.રાજેન્દ્રકુમાર પાલન કરતા ન હોવાની વિભાગમાં ચર્ચાએ જોર પકડતા આઈએએસ અધિકારી આલમમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.




લોકમુખે ચર્ચાયેલ મુજબ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (જીએસઆરટીસી) ના ઈન્ચાર્જ એમડી ડો. રાજેન્દ્રકુમાર પાસે વાહન વ્યવહાર કમિશ્નર તેમજ જીએસએફસી નો ચાર્જ પણ છે. જેમાં વાહન વ્યવહાર કમિશ્નર તરીકે રેગ્યુલર પોસ્ટીંગ થયેલ છે જયારે વધારાના બે હવાલા હોવાને કારણે સરકારના આદેશનુ પાલન કરતા નથી ? ભુપેન્દ્ર પટેલની સરકારમાં કેટલાક આઈએએસ અધિકારીઓ પાસે વધારાના હવાલાના બોજ થી ત્રાસી ગયેલા હોવાને લઈ પાલન કરતા ન હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

લોકમુખે ચર્ચાયેલ મુજબ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (જીએસઆરટીસી) ના ઈન્ચાર્જ એમડી વિરૂધ્ધ સામાન્ય વહિવટ વિભાગ દ્વારા કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી. વાહન વ્યવહાર વિભાગ ના વડા હારીત શુકલા શું સામાન્ય વહિવટી વિભાગમાં આ અંગેની એમડી વિરૂધ્ધ ફરીયાદ કરશે ખરા ? વિભાગના વડા આઈએએસ હારીત શુકલા પણ પાલન ન થતુ હોવા છતાં મુંગે મોઢે સહન કરી રહ્યા છે તેનુ કારણ શું ?

# પ્રભારી મંત્રી પ્રદ્યુમન વાજાના આદેશનુ સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં કેમ પાલન થતુ નથી?

## મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા મંત્રીની ભલામણની ઉપરવટ જઈ ખેલ પાડી દીધો હોવાની ચર્ચાઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકાર દ્વારા પ્રજાના કામો ઝડપી અને પારદર્શક થાય તે માટે જિલ્લાઓમાં પ્રભારી મંત્રીઓને કામગીરી સોંપવામાં આવી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી પ્રદ્યુમન વાજાનો ભલામણ પત્ર છેલ્લા એકાદ વરસથી જિલ્લા પંચાયતમાં ધુળ ખાઈ રહ્યો છે. તેમ છતાં જિલ્લા વિકાસ અધિકારીના પેટનુ પાણીય હાલતુ નથી. લોકમુખે ચર્ચાયેલ મુજબ જિલ્લા પંચાયતના મુખ્ય આરોગ્ય અધિકારી દ્વારા પ્રભારી મંત્રીના આદેશનુ પાલન ન કરવુ પડે તેને લઈ જિલ્લા વિકાસ અધિકારીની જાણ બહાર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા બંધ બારણે ખેલ પાડી દીધો હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. આ અંગેની ફરીયાદ આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાના કાર્યાલયે પણ થઈ ચુકી છે. આરોગ્ય મંત્રી કહી રહ્યા છે કે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા રીપોર્ટ કરવામાં આવશે તો ચોકકસ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય આરોગ્ય વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે. જે હોય તે પરંતુ આગામી સમયમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીની મુશ્કેલીઓ વધે તો નવાઈ નહી. કારણ કે આ અંગે પ્રભારી મંત્રી દ્વારા પંચાયત મંત્રી સાથે ચર્ચા થઈ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. પંચાયત મંત્રીના સુત્રોએ કહ્યુ હતુ કે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા બંધ બારણે ભરતી કરી દેવામાં આવેલ છે. એક તરફ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અખબારોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવામાં આવે છે. તો બીજી તરફ મંત્રીની ભલામણની ઉપરવટ જઈ ખાલી જગ્યાઓ ભરી દેવા પાછળનુ કારણ શું ? જેની ફરીયાદ મંત્રી સમક્ષ થયેલી હોય જેથી જિલ્લા વિકાસ અધિકારીને પંચાયત મંત્રીનુ થોડા સમયમાં તેડુ આવી શકે છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ પ્રભારી મંત્રી એવુ પણ કહી ચુકયા છે કે આદેશનુ પાલન ન કરનાર અધિકારી વિરૂધ્ધ ચોકકસ કાર્યવાહી થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.



# ગુજરાત સરકારના મહેસુલ વિભાગે ડીઆઈએલઆર પ્રથા જ કાઢી નાખી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા રાજયના ખેડુતો અને મિલ્કત ધારકોના હિતમાં એક ક્રાંતિકારી અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. વરસો જુની બ્રિટીશ શાસનકાળ થી ચાલી આવતી સીટી સર્વે અને જિલ્લા નિરીક્ષક જમીન દફતર પ્રણાલીને સંપૂર્ણપણે નાબુદ કરવાનો સત્તાવાર ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.



આ નવી વ્યવસ્થા હેઠળ હવે ખેડુતોને જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ, નકશા કે ટીપ્પણ મેળવવા માટે જિલ્લા કક્ષાની કચેરીઓ સુધી લાંબા થવુ નહી પડે. સોમવારે એક મહત્વપૂર્ણ ઠરાવ જાહેર કરાયો છે. આ અંતર્ગત, મહેસુલી તંત્રના ૩૦૯ તાલુકાઓમાં નવા વર્ગ-૨ ના આઈએલઆર અને તેના ઉપર જિલ્લા દીઠ વર્ગ-૧ ના સુપ્રિટેન્ડેન્ટ લેન્ડ રેકોર્ડસ (એસએલઆર) નુ વહિવટી તંત્ર કાર્યરત થશે. પ્રત્યેક ડીઆઈએલઆર કચેરીને ૧૫ સર્વેયરોનુ મહેકમ ફાળવવામાં આવશે. આ ઉપરાંત જયાં જરૂરીયાત જણાશે ત્યાં મહેસુલી તલાટીઓનુ મહેકમ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નવીન વહિવટી માળખાના કારણે છેલ્લા દોઢ બે દાયકાથી મંથર ગતિએ ચાલતી જમીન રી સર્વેની કામગીરીમાં અભુતપૂર્વ ઝડપ આવશે. જમીન દફતરની કુલ ૩૨૭ કચેરીઓ થકી સમગ્ર રાજયમાં સત્તાનુ વિકેન્દ્રીકરણ થતા રી સર્વે અને ખેડુતોના પડતર પ્રશ્નોનો ઝડપી નિકાલ આવશે. મહેસુલ વિભાગના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર જમીન માપણી, રી સર્વે, નકશા, ટીપ્પણ તેમજ ખેતીની જમીનના ક્ષેત્રફળ, આકાર અથવા સત્તા પ્રકારમાં થતા ફેરફારોની સત્તાવાર નોંધ રાખવા માટેના કમી જાસ્તી પત્રક (કે જે પી) ને સંપૂર્ણપણે ઓનલાઈન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. સત્તાના આ વિકેન્દ્રીકરણથી કેજેપી, નકશા અને ટીપ્પણ સહિતના તમામ અગત્યના દસ્તાવેજો ડીઝીટલ પ્લેટફોર્મ પર સરળતાથી લોકો માટે ઉપલબ્ધ બનશે. આગામી સમયમાં આ તમામ સેવાઓ આંગળીના ટેરવે ફેસલેસ માધ્યમથી ઓનલાઈન મેળવી શકાશે. વધુમાં સમગ્ર જમીન દફતર અને સેટલમેન્ટ કમિશ્નર રેટની કામગીરી પર યોગ્ય મોનીટરીંગ રાખવા માટે જિલ્લા કક્ષાએ એસએલઆર અને રાજયસ્તરે અમદાવાદ, વડોદરા, સુરત અને ભાવનગર એમ-૪ ઝોનમાં નાયબ નિયામકનુ સક્ષમ તંત્ર મોનીટરીંગની જવાબદારી સંભાળશે. આ નિર્ણયોથી ગુજરાતના લાખો ખેડુતોને જિલ્લા કચેરીઓના ધકકામાંથી કાયમી મુકિત મળશે.

# વડોદરામાં અંગત અદાવતમાં પત્નીની સામે જ પતિની કરાઈ હત્યા: આરોપીએ મૃતકની પત્નીનો હાથ પકડીને તેની સાથે છેડતી કરી હતી

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરામાં ગુન્હેગારો બેફામ બન્યાનો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. વડોદરાના વડસર ગામના ભાલીયાવાસ માં રહેતા ૩૦ વર્ષીય ગીરીશ ભાલીયા તેની પત્ની અને પરીવાર સાથે કલાલી વિસ્તારમાં એક સામાજિક કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા. આ દરમિયાન ત્યાં પહેલાથી જ હાજર હત્યારાઓ અંગત અદાવતના કારણે ગીરીશ પરમાર પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ કાયદાના કોઈપણ ડર વિના ગીરીશની પત્નીની સામે જ તેના પર આડેધડ છરીના ઘા ઝીકીને મારવાનુ શરૂ કરી દીધુ હતું. યુવાન લોહીથી લથપથ થઈને પડી ગયો હતો અને તેનુ મૃત્યુ થયુ હતું.



ઘટનાની માહિતી મળતા જ અટલાદરા પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી હતી. યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો. તો બીજી તરફ માસુમ પુત્રીએ તેના પિતા ગુમાવ્યા છે. પત્નીએ બુમો પાડી પાડીને કહી રહી હતી કે મારા ગીરીશને પાછો લાવો, યુવાનની માતા પણ તેના પુત્રના મૃત્યુ પર રડી પડી હતી, આ હત્યાએ એક સુખી પરીવારને બરબાદ કરી દીધો છે. મૃતક ગીરીશ તેના માતા પિતાનો એક માત્ર અને પ્રિય પુત્ર હતો અને તેના વૃધ્ધ માતા પિતા તેના મૃત્યુના સમાચાર સાંભળીને ખુબ જ શોકમાં ડુબી ગયા હતા.

મૃતક ગીરીશભાઈ ભાલીયાની ૨૪ વર્ષીય પત્ની પુજાબેન ભાલીયાએ ૨૯ મે ૨૦૨૬ ના રોજ અટલાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ તે તેના પતિ અને સાસરીયાઓ સાથે અમદાવાદ જિલ્લાના દહેગામમાં તેના મામા અને સસરા સંજયભાઈના લગ્નમાં હાજરી આપી હતી. ઘટના દરમિયાન દર્શન મારવાડીએ પુજાબેન ભાલીયાનો હાથ પકડી ને તેની સાથે છેડતી કરી હતી. તેણીએ તાત્કાલીક તેના પતિ ગીરીશ ભાલીયા અને સાસરીયાઓ અને અન્ય સંબંધીઓને ઘટનાની જાણ કરી હતી. ત્યારબાદ દર્શન મારવાડી નાસી છુટયો હતો.

વડોદરા પરત ફર્યા બાદ દર્શન મારવાડીએ સમુદાયના નેતાઓ અને સભ્યોની હાજરીમાં બોલાવાયેલી પંચાયતમાં છેડતીની કબુલાત કરી હતી. આ ઘટનાને કારણે સમુદાયમાં તેમને અપમાનનો સામનો કરવો પડયો હતો. દરમિયાન ગઈ કાલે રાત્રે ૨ જુન મંગળવારે કલાલીના ગોકુલનગર પાછળના મેદાનમાં સમુદાય વ્યાપી માતાજીકા માંડવા કાર્યક્રમ યોજાયો હતો. પુજા, તેના પતિ ગીરીશભાઈ અને સાળા મેહુલભાઈ હાજર હતા. કાર્યક્રમ સવારે વહેલા ૩:૧૫ કલાકે પુરો થયા બાદ તેઓ ઘરે જવા નિકળ્યા હતા. ગીરીશભાઈ પાણીની બોટલ લેવા માટે એક સ્ટોલ પાસે ઉભા હતા. તે દરમિયાન દર્શન મારવાડી અને કરણ મારવાડી ગાડીમાં આવ્યા હતા. તેઓ બંને કારમાંથી બહાર નિકળી ગયા અને ગીરીશભાઈ સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. દર્શને ગીરીશભાઈના માથા પર મુકકો માર્યો અને ચાવીથી કપાળ પર માર માર્યો ત્યારબાદ તેઓએ ગીરીશભાઈએ નીચે પછાડીને માર માર્યો હતો. આ હુમલા દરમિયાન દર્શન મારવાડીએ ગીરીશ પર ચપ્પુ (લાકડી જેવી વસ્તુ) વડે હુમલો કર્યો હતો. જેનાથી ગીરીશભાઈના પેટના નીચેના ભાગમાં અને બંને જાંઘો માં વાગ્યો હતો. જેના કારણે તેમને ગંભીર ઈજા થતા વધુ પડતા લોહી લુહાણ થવાથી ઘટનાસ્થળે મૃત્યુ થયુ હતું.

મૃતકની પત્નીની ચીસોથી હુમલાખોરો ગભરાઈ ગયા હતા. ગીરીશની પત્નીએ ચીસો પાડી ત્યારે તેના સાળા મેહુલભાઈએ દરમિયાનગીરી કરી હતી જેના કારણે બંને હુમલાખોરો ઘટનાસ્થળ થી ભાગી છુટયા હતા. સંબંધીઓની મદદથી ઘાયલ ગીરીશભાઈને અક્ષર ચોક સ્થિત ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમિયાન મોત નિપજયુ હતું.

# બોરીયાવી ગામે માત્ર રૂ.૧૦૦ માટે મિત્રએ જ મિત્રની હત્યા કરી નાંખતા ચકચાર: પોલીસે ફરિયાદ નોંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ તાલુકાના બોરીયાવી ગામે માત્ર ૧૦૦ રૂપિયા બાકી હોઈ નહીં આપતાં બે મિત્રો વચ્ચે થયેલા ઝઘડામાં એક યા બીજા ઉપર લાકડાના ફટકા મારી પગમાં ફ્રેક્ચર કરી નાખી તેમજ ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમાં ઈજાગ્રસ્ત મિત્રનું સારવાર દરમિયાન મોત થતા આણંદ રૂરલ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવે સમગ્ર ગામ તેમજ પંથકમાં ભારે ચકચાર જગાવી મૂકી છે.પોલીસના જણાવ્યા અનુસાર આણંદ તાલુકાના બોરીઆવી ગામે રહેતા નરેશભાઈ રાવજીભાઈ પટેલ (ઉવ ૫૬) પોતાના પરિવારથી અલગ અને એકલા જ રહેતા હતા. તેઓ મજૂરી કામ કરી મંદિરના ઓટલે,સ્કૂલ આગળ કે ગમે ત્યાં સુઈ રહેતા હતા અને જીવન પસાર કરતા હતા. ગામમાં જ રહેતા કિશન ગુલાબભાઈ રાઠોડ તેમના મિત્ર હોઈ કિશન ઉર્ફે રંગો બંને જણા સાથે જ મજૂરીએ જતા હતા.નરેશ પટેલે રંગાને મજૂરીના રૂપિયા ૧૦૦ આપ્યા નહોતા. જે નાણા કિશન ઉર્ફે રંગાએ ગત તા. ૩૦ ના રોજ સાંજના સમયે ભોઈવાસ પાસે આવેલ તલાવડી નજીક ખેતરમાં હતા ત્યારે ફરીથી માંગ્યા હતા. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થવા પામી હતી એટલે કિશન ઉર્ફે રંગાએ આવેશમાં આવી જઈને લાકડાનો દંડો લઈને નરેશ પટેલ ઉપર હુમલો કર્યો હતો જેમાં પગમાં અને શરીરના અન્ય ભાગો ઉપર ધડાધડ ફટકા માર્યા હતા. જેના કારણે તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને બંને પગે ફ્રેક્ચર થઈ ગયું હતું. ગંભીર ઈજાઓ પહોંચાડીને કિશન ઉર્ફે રંગો ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જેથી નરેશ પટેલ બે દિવસ સુધી ફ્રેક્ચર અને લોહી લુહાણવાળી હાલતમાં પડ્યા રહ્યા હતા. આ ઘટનાની જાણ તેમના ભત્રીજાને થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આ બાબતની જાણ કરી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન બોલાવી હતી. તેમને ગઈકાલે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપી હતી. પરંતુ હાલત ગંભીર હોવાથી નરેશ પટેલને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આજે તેમનું સારવાર દરમ્યાન અવસાન થયું હતું . આ બનાવ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે મૃતક નરેશ પટેલના બેન નીરૂબેન પટેલની ફરિયાદને આધારે કિશન ઉર્ફ ગુલાબભાઈ રાઠોડ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. આમ માત્ર ૧૦૦ રૂપિયા જેવી નજીવી રકમ બાબતે એક મિત્રએ જ પોતાના મિત્રને મોતને ઘાટ ઉતારી દેતા બોરીયાવી તેમજ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

# ચલાળામાં વીજળીનો કહેર, PGVCL કચેરીના ટ્રાન્સફોર્મરમાં લાગી આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લામાં બદલાયેલા હવામાન વચ્ચે એક મોટી દુર્ઘટના સામે આવી છે. ચલાળા શહેરમાં આવેલી પીજીવીસીએલ કચેરીના પરિસરમાં આકાશી વીજળી ત્રાટકતા અફરાતફરી મચી ગઈ હતી. સબ સ્ટેશનમાં આવેલા ભારે ક્ષમતાના ટ્રાન્સફોર્મર (ટીસી) પર વીજળી પડવાને કારણે ત્યાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતને પગલે ભારે ધડાકો થયો હતો અને સમગ્ર પંથકમાં વીજ પુરવઠો ઠપ થઈ ગયો છે.મળતી માહિતી મુજબ, ચલાળા ખાતે આવેલી પીજીવીસીએલ ઓફિસના એસએસ (સબ સ્ટેશન)માં આ ઘટના બની હતી. વરસાદી માહોલ વચ્ચે અચાનક જ કાન ફાડી નાખે તેવા કડાકા સાથે વીજળી સીધી જ ચાલુ ટ્રાન્સફોર્મર પર પડી હતી.